# ચૈતન્યશિલ્પીની ગરિમા

## ૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





## ૫૫. પૂ. હંસાબેન દેસાઇ

| | | |
|---|---|---|
| જન્મ | : | ૧૨-૦૩-૧૯૪૯ |
| જન્મ સ્થળ | : | કંડારી |
| મૂળ વતન | : | નડિયાદ |
| માતાનું નામ | : | પૂ. કમળાબેન |
| પિતાનું નામ | : | પૂ. જશભાઇ |
| ભાઇ | : | પૂ. મફતભાઇ |
| બહેન | : | પૂ. સુલીબેન, પૂ. જ્યોત્સનાબેન, પૂ. હેમલતાબેન, પૂ. ઉર્વશીબેન, પૂ.પ્રતિક્ષાબેન |
| મૂળધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | હિન્દુ લેઉવા પટેલ |
| અભ્યાસ | : | ધોરણ – ૯ |

| | | |
|---|---|---|
| ભગવાનની અનુભૂતિ | : | ૧૧-૦૮-૧૯૭૭ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૬ |
| કેન્દ્ર નંબર | : | ૪૪ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર :** કોઈનોય અભાવ લેવો નહીં ને કોઈપણ સંજોગોમાં આનંદ જવા દેવો નહીં.

પૂ. હંસાબેનને જન્મ જ સત્સંગમાં મળ્યો. હંસાબેનનું આખુંય કુટુંબ નડિયાદમાં પ.પૂ. કાશીબાની દ્રષ્ટિવાળું. નાનપણથી જ સુભદ્રાબેન દેસાઈના ઘરે જતાં. ૧૯૬૫માં પ.પૂ. તારાબેન સુભદ્રાબેનના ઘરે બે ત્રણ દિવસ માટે તારદેવથી આવ્યાં હતાં ત્યાં હંસાબેને તારાબેનને જોયા ને ખૂબ ગમી ગયા. ને તારાબેનનો જોગ થઈ ગયો. પછી સ્કૂલમાં જતાં પણ રસ્તામાં રમાબેન, મંદાબેન સાથે ઉભા રહે. સત્સંગની વાતો કરી લે. સ્કૂલમાં મોડા પડે એટલે શિક્ષારૂપે વર્ગની બહાર ઉભા રાખે. તોય હસતાં હસતાં પોતાની મસ્તીમાં મસ્ત રહે.

૧૯૬૬માં બહેનોને વિદ્યાનગર આવવાનું હતું તેથી પપ્પાજીએ તારાબેનને કહ્યું કે, 'હંસાને કહેજો કે તારે ભગવાન ભજવાના છે.' આમ કૃપામાં પ્રથમ ૫૧ બહેનોમાં નંબર લાગી ગયો. ને કાષાંબરી દીક્ષા મળી. તે વખતે હંસાબેનના ઘરમાં દેશકાળ જ હતા. તેમનાથી નાની ચાર બહેનો હતી છતાં પણ તે બધું છોડીને ભગવાન ભજવા આવ્યા. ક્યાંય બંધાયા નહીં એ જ તેમનો ખપ કહેવાય.

જ્યોતમાં આવ્યા પછી રસોડું, સફાઈ, પ્રકાશન, મંદિરની સેવા કરી. ભજન ગાતાં ગાતાં સેવા કરે તેથી પ્રભુમય ભક્તિમય વાતાવરણ થઈ જાય. સેવા કર્યાનો હૂંહાટો નહીં. સરખામણીને સ્થાન નહીં. પ્રસંગે કોઈનો અભાવ નહીં અંતર ઝાંખુ થયું નથી. અંતરથી ખૂબ નિખાલસ, હસમુખા ને આનંદી. જે કામ કરે તે ચોકસાઈથી કરે. શરૂઆતમાં મણિબા, ગંગાબા ને હંસાબેન સાથે રહેતાં હતાં. તેથી

વડીલ સ્વરૂપોની સેવા કરી હાશ લીધી તેથી ૧૯૭૭ના રોજ ગુરૂહરિ પપ્પાજીએ જીવમાં સ્થાન લીધું ને જન્મોજનમના સુખી કરી દીધા. ખૂબ રંગીલા ને મોજીલા. ખાવાપીવાના ખૂબ શોખીન પણ તે માટે કોઈનો અભાવ નથી લીધો. સૂરજબાની સેવા ખૂબ ઉમંગથી, માહાત્મ્યથી કરી તેમની મૂર્તિ લૂંટી ને સ્વરૂપોની હાશ લીધી. નિષ્કપટભાવ ખૂબ જોવા મળે. અંદર તેવા બહાર તેથી સ્વરૂપો રાજી થાય. ને અનુસંધાન ગુરૂનું રાખ્યું તો સુખે સુખે સાધના કરી.

**૨૦૧૭માં** કમ્મરના મણકાનું ઓપરેશન કરાવ્યું. ડાયાબીટીસ, બી.પી. જેવા રોગ તો હતા જ. બીમારીને પ્રભુનો પ્રસાદ માન્યો. કોઈ અપેક્ષા રાખી નહીં ને ટૂંકી બીમારીમાં ૨-૪-૨૦૧૮ના રોજ અક્ષરધામ ગમન કર્યું.

આવા હંસાબેનને અમ સહુ સાધકોના ભાવે વંદન !!!



## ૫૬. પૂ. હંસાબેન પટેલ

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. જશોદાબેન |
| પિતાનું નામ | : | પૂ. મણિભાઇ |
| ભાઇ | : | પૂ. વિનોદભાઇ, પૂ. મહેન્દ્રભાઇ (પૂ. વિજ્ઞાનસ્વામી) |
| બહેન | : | પૂ. તરલાબેન |
| મૂળધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | પાટીદાર પટેલ |
| અભ્યાસ | : | ધોરણ – ૮ (ઇંગ્લીશ) |
| ભગવાનની અનુભૂતિ | : | ૩૧-૦૫-૧૯૬૬ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૬ |
| કેન્દ્ર નંબર | : | ૪૫ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : જે કાંઈ થઈ રહ્યું છે, થાય છે ને થશે તે મારો પ્રભુ કરી રહ્યો છે બસ મારે તો માહાત્મ્યેયુક્ત સેવા કરવાની છે.**

પૂ. હંસાબેન એટલે અંધારખંડમાં મહારાજના સમયનું વાવેલું એક બીજ જે યોગીજીની યોજનામાં ફૂલ્યુ ફાલ્યું. હંસાબેનના બાને ભૂત વળગ્યું હતું એ દૂર કરવા સ્વામિનારાયણની કંઠી બાંધી ને સારું થઈ ગયું. ત્યારથી ઘરમાં સ્વામિનારાયણ ધર્મ શરૂ થયો. જ્યારે યોગીબાપાએ ૧૯૬૧માં ૫૧ સંતો બનાવવાના હતા ત્યારે હંસાબેને બાપાને કહ્યું, 'હે બાપા ! તમે મને છોકરો બનાવ્યો હોત તો ૫૧ સંતોમાં તમને સમર્પિત થઈ જાત.' જોગીબાપાએ તેમના પિતાજીને કાકાશ્રીનો સમાગમ કરવાનું કહ્યું હતું. એકવાર કાકાશ્રી આફ્રિકા પધાર્યા ત્યારે તેમના પિતાજીને કહ્યું હતું કે, 'બધું સળગી જશે.' ત્યારે બહુ સમજ્યા નહીં પરંતુ જગતના એક માણસે દગો દેતાં ઘર અને બધું જતું રહ્યું ત્યારે સમજ પડી અને ત્યારે હંસાબેનને એવું થઈ ગયું કે, જગત આવું હોય ? આપણે તો નિર્દોષ તોય આવું કરે ? હે પ્રભુ મારે જગતમાં નથી જવું તમે મને બહેનોનો જોગ આપજો મારે તો ભગવાન ભજવા છે. અને જોગીબાપાએ પ.પૂ. બેનના જોગમાં મૂકી દીધા. જોગીબાપાએ હંસાબેનને દર્શન દઈને કહ્યું, 'તમે બંને બહેનો ભગવાન ભજશો.'

બેનની ઓળખાણ થઈ. બેન એક દિવસ સભામાં વાત કરતાં હતાં ને હંસાબેનને બેનમાં યોગીબાપાના દર્શન થયા. ત્યારથી બેન માટે યોગીબાપા જેવો ભાવ દ્રઢ થયો. બેનને તારદેવનો જોગ થયો. તારદેવમાં બહેનો કુંવારા રહી ભગવાન ભજે છે એ વાત જાણી હંસાબેન અને તરૂબેનને ભગવાન ભજવાનું મન થયું તેથી બેનને વાત કરી, 'બેન ! અમારે તમારી સાથે ભગવાન ભજવા આવવું છે.' બેન કહે, 'બાપા સર્વોપરી છે, તમે બાપાને પ્રાર્થના કરો, ભજન કરો. હું પણ તમારા માટે ભજન કરીશ.' બેનને સંભારી ધૂન ભજન શરૂ કર્યા. ઘરેથી રજા મળી. વિદાય સમારંભ ગોઠવાયો. વિદાય પછી પણ બા – બાપુજીનું મન માને નહીં. બેનને વાત કરી. બેન એકદમ પરભાવમાં આવીને કહે, 'ચિંતા નહીં કરતા એના મા – બાપ હું બનીશ. પા રોટલો હું ખાઈશ ને પોણો રોટલો એમને ખવડાવીશ.' બા – બાપુજીએ બેનની વાણીમાં વિશ્વાસ મૂક્યો ને રજા આપી. વિદાય લઈને

સ્ટીમરમાં બેઠા. હંસાબેન, તરૂબેન સાથે નીમુબેન દાડિયા અને નીમુબેન સાકરિયા પણ ભગવાન ભજવા આવ્યા. બેને ખૂબ ખૂબ મહિમાની તથા સાધનાની સૂઝ આપતી ગોષ્ટિ કરી. તારદેવમાં જ્યોતિબેન, તારાબેન, હંસાબેન, દેવીબેન છે. આ ચાર બહેનોની આજ્ઞામાં રહેવાનું કહ્યું.

હંસાબેન આફ્રિકાથી ખોટા ફૂલના હાર લઈ આવ્યા હતા પણ તે તેમને મળ્યા નહીં અને મુંબઈમાં સરસ તાજાં ફૂલ જોઈ તેમને થાય આ ફૂલનો હાર બનાવી પપ્પાજીને પહેરાવવો છે કેટલાં સરસ ફૂલ મળે છે. ને એક દિવસ પપ્પાજીએ અંતર્યામીપણે હંસાબેનને કહ્યું, 'મને હાર પહેરાવવો છે ને ! તો બેનને હાર પહેરાવજે એમાં હું આવી ગયો.' વિદ્યાનગર આવ્યા. બહુ ટૂંક સમયમાં ૩૧ મે ૧૯૬૬ના ગુરૂહરિ પપ્પાજીમાં યોગીબાપાની પ્રતિતી થઈ. ને ૧લી જૂને પ્રથમ ૫૧મા કાષાંબરી દીક્ષા લીધી.

પપ્પાજીએ બેનને કહ્યું કે, 'બેન ! આ ત્રણેય ભાઈ બહેન મારા ૨૦૦ માંહ્યલા છે.' પ્રભુકૃપામાં એક વખત જોગીબાપા ને પપ્પાજી એક જ છે એવા દર્શન થયા ને હંસાબેનથી કહેવાઈ ગયું કે, 'તમે જેમ રાખશો, જેવી રીતે રાખશો એમાં તમારી થઈને જીવ્યા કરીશ. તમારે મારું કાંઈ સાચવવાનું નહીં.' બેને પણ તેઓને સ્ટીમરની યાત્રામાં કહ્યું હતું કે, 'એક પણ ફરિયાદ તમારા બંને તરફથી જોઈએ નહીં' ને બેનની કૃપાથી આજ સુધી જીવનમાં એક પણ ફરિયાદ કરી નથી ને તેમની આર્તહ્રદયની પ્રાર્થના હતી તો સાચા સાધુના રસ્તે પહોંચાડી દીધા.

હંસાબેને પોતાની સાધનામાં સંત તરીકે પૂ. સવિબેનને રાખ્યા છે અને જીવનમાં આદર્શ તારાબેન છે. તેમને શોખ જ ધૂન, ભજન, પ્રાર્થનાનો છે એટલે તો અનાદિના સાધુ કહેવાય છે.

હંસાબેન જ્યોતમાં આવ્યા પછી ઠરાવરહિત, ફરિયાદરહિત જ્યોતની સેવામાં હોમાઈ ગયા. સિવણમાં ને સુશોભનમાં રાતદિવસ જોયા વગરની સેવાથી પપ્પાજીએ ભગતજીનું બિરૂદ આપ્યું. હંસાબેન કલા કારીગરીમાં ખૂબ નિપુણ. તેઓએ રાખડી બનાવવાની શરૂઆત પૂ. દીદીના વચને કરી. ને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વાનર, ઘોડા, સસલું, કબૂતર જેવાં આબેહૂબ ડ્રેસ બનાવે. હાર કાર્ડમાં પણ ખૂબ હોંશિયાર. દીદી કહે ને તે પ્રમાણે આબેહૂબ બનાવે તેવા 'અજોડ રત્ન'

છે. માણાવદર જ્યોત શાખામાં ઘણાં વર્ષો રહ્યાં. ત્યાં મહાપૂજા ને મહિમાગાનથી ભક્તોને સુહ્રદભાવે સેવી પ્રાર્થનાથી સૌનું જતન કર્યું. મુંબઈ બોરીવલી જ્યોત શાખામાં પણ ઘણાં વર્ષો રહ્યાં.

અત્યારે વિદ્યાનગર જ્યોતમાં રહી સહુ સાધકો માટે ધૂન, ભજન, મહાપૂજા કરી સૌને બળ પ્રેરે છે ને સાધનામાં પ્રેરણા આપે છે.

એવા હંસાબેનને સહુ સાધકોના **ભાવ સભર નમન** !!!